અમદાવાદમાં એક સાથે ત્રણ જાહેર પરીક્ષા લેવાઈ

રાજ્યભરના વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓની ભરતીની પરીક્ષા ઉપરાંત શિષ્યવૃત્તિ અને રેલવે પરીક્ષાનું આયોજન

અમદાવાદ, તા. ૨

અમદાવાદમાં આજે એકી સાથે ત્રણ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હોવાથી સમગ્ર વાતાવરણ પરીક્ષામય બની ગયું હતું. આજે રાજ્યના વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓની ભરતી માટે પરીક્ષા યોજાઈ હતી.

આ ઉપરાંત રાષ્ટ્રિય શિષ્યવૃત્તિ માટેની રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા લેવામાં આવી હતી જ્યારે રેલવેમાં ગ્રુપ ડીની વિવિધ કેટેગરીમાં ખાલી પડેલ ૨૫૦૦ જેટલા ઉમેદવારોની ભરતી માટે પરીક્ષા યોજાઈ હતી. તમામ પરીક્ષાઓ સંપૂર્ણરીતે શાંત વાતાવરણમાં સંપન્ન થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. રાજ્યના પરીક્ષા વિભાગ માટે આજનો દિવસ ખુબ જ વ્યસ્ત રહ્યો હતો.

આજે એક સાથે ત્રણ પરીક્ષાઓનું સફળ આયોજન કરીને પોતાના સટોચ આયોજનનો પરચો આપ્યો છે. આજે ગુજરાત રાજ્ય સરકારમાં વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓની ભરતી માટે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના તમામ જિલ્લા કેન્દ્રો પરથી લેવામાં આવેલી આ પરીક્ષામાં બે લાખથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બીજી બાજુ આજે કેન્દ્ર સરકારની શિષ્યવૃત્તિ મેળવવા માટેની રાષ્ટ્રીય પ્રતિભા શોધની પરીક્ષા આજે યોજાઈ હતી.

આ ઉપરાંત રેલવેમાં ગ્રુપ ડીમાં આવતા ગેંગમેન્સ, પોઈન્ટ્સ મેન, ટ્રેક મેન, હેલ્પર સહિત વિ વિધ કેટેગરીના કર્મચારીઓની દેશભરમાં ખેલાડી પડેલી ૨૬૦૦ જેટલી જગ્યાઓ ભરવા માટે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં ૧૧૧ જેટલા સેન્ટરો ઉપર લેવામાં આવેલી આ પરીક્ષામાં ૫૦ હજારથી વધુ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. ત્રણેય પરીક્ષાઓ કોઈપણ પ્રકારના અનિચ્છનીય બનાવ વગર શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થતાં પરીક્ષા વિભાગના અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. ઉલ્લેખનીય છે કે, એક સાથે ત્રણ પરીક્ષા હોવાના કારણે પરીક્ષાની બેઠક વ્યવસ્થાની ફાળવણીમાં કેટલાક છબરડાઓ જોવા મળ્યા હતા. જો કે, પરીક્ષા પહેલા તેને સુધારી લેવાતા ઉમેદવારોને પડનાર સંભવિત સમસ્યાઓમાંથી રાહત મળી હતી.

મોડાસામાં ગુજરાતનો પ્રથમ એક્યુપેશર ગાર્ડનનું લોકાર્પણ

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અખિલ વિશ્વ ગાયત્રી પરીવાર શાંતિકુંજ હરીદ્વારાના માર્ગદર્શન હેઠળ અને મોડાસા નગરપાલિકાના સહયોગથી ૬ ફૂટ પહોળાઈ અને ૬૦૦ ફૂટ લાંબા ગુજરાતમાં પ્રથમ એવા એક્યુપેશર પથનો આજે મોડાસા ખાતે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ગાર્ડનથી લોકોની સ્વાસ્થ્ય સંબંધી તકલીફો માટે કારગત સાબીત થશે. મોડાસા તથા આજુબાજુના વિસ્તારના લોકો પ્રાકૃતિ તથા પર્યાવરણીય વાતાવરણનો આનંદ માણી શકશે. તથા એક્યુપેશર ગાર્ડનની મદદથી શારીરિક બિમારીઓથી છુટકારો પ્રાપ્ત કરી શકશે. શહેરના ઓધારી લેખ ખાતે નિર્માણ પામી રહેલા આ ગાર્ડનમાં એવા પર્યાવરણીય તથા પ્રાકૃતિનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે કે વ્યક્તિ પોતે પ્રકૃતિની ગોદમાં સમાઈ ગયાનો આહલાદક આનંદ લઈ શકે. મોડાસા શહેરના લોકો માટે આનંદની વાત છે કે આવુ ગાર્ડન ગુજરાતભરમાં ક્યાંય આવેલું નથી જેનો મોડાસા વાસીઓને સૌ પ્રથમ વખત લાભ મળવાનો છે.

મોહર્રમને લઈ અમદાવાદ છાવણીમાં ફેરવાયું

અમદાવાદ,તા. ૨

ચોથી નવેમ્બરના દિવસે યોજાનાર મુહર્રમ પ્રસંગને ધ્યાનમાં લઈને અમદાવાદ શહેરમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મુહર્રમ દરમિયાન કોઈપણ બનાવ ન બને તે માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. રાણીનો હજીરો વિસ્તારમાં તાજિયાની તૈયારી પ્રક્રિયા પણ શરૂ થઈ ચુકી છે.

મોટા પ્રમાણમાં તાજિયા બનાવવામાં આવી ચુક્યા છે. કલાકારો છેલ્લા ઘણા દિવસથી વ્યસ્ત હતા. બીજી બાજુ શ્રદ્ધાળુઓ પણ આને લઈને વ્યસ્ત થયેલા છે. પોલીસ અધિકારીઓએ કહ્યું છે કે, તેઓએ ત્રણ આઈપીએસ અધિકારી, ત્રણ ડીએસપી અને ૨૦ ઈન્સ્પેક્ટરોને અન્ય જિલ્લાઓમાંથી બોલાવ્યા છે. પોલીસ ટ્રેનિંગ સ્કૂલમાંથી ૨૦૦ને બોલાવવામાં આવ્યા છે. શહેરમાં બંદોબસ્ત દરમિયાન તમામ કાળજી લેવામાં આવી રહી છે. બકરી ઈદના દિવસે શાહપુર વિસ્તારમાં કોમી હિંસા ભડકી ઉઠી હતી જેને ધ્યાનમાં લઈને હવે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. કોઈપણ તક લેવામાં આવનાર નથી. આજથી જ પેટ્રોલિંગ અને કોમ્બિંગની પ્રક્રિયા ઝડપી બનાવી દેવામાં આવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ એસઆરપીની ચાર કંપની અને આરએએફની બે કંપનીઓ પણ ગોઠવી દેવામાં આવી છે. વધુમાં ચાર ડેપ્યુટી કમિશનર, ચાર આસી. કમિશનર, ૩૧ ઈન્સ્પેક્ટરો, ૪૫ સબ ઈન્સ્પેક્ટરો અને અન્ય મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓ ગોઠવવામાં આવી ચુક્યા છે. ૭૧૫ હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ અને ૫૩ મહિલા કોન્સ્ટેબલની તૈનાતી પણ કરવામાં આવી છે. મુહર્રમને ધ્યાનમાં લઈને પોલીસ તમામ જગ્યાઓએ તૈનાત થઈ ગઈ છે. સીસીટીવી કેમેરાઓ પણ ઘણી જગ્યાઓએ ગોઠવવામાં આવ્યા છે. અસામાજિક તત્વોની ગતિવિધિ ઉપર નજર રાખવામાં આવી રહી છે.

દુધેશ્વર ગુરુદ્વારાથી સીખ સમુદાયની શોભાયાત્રા નિકળી હતી.

વિધવા અને બાળકો પાસેથી દારૂની હેરાફેરી કરાવાય છે

દેવામાં ડુબી ગયેલા ગરીબ લોકો દારૂના કેરિયરની ભૂમિકા ભજવે છે : દારૂની હેરાફેરીની નવી સ્ટાઈલ અપનાવાઈ

ઈડર, તા. ૨

શહેરમાં દારૂના અડ્ડા ધમધમેછે ત્યારે પોલીસ આંખ આડા કાન કરી મુકપ્રેક્ષક બની તમાશો જોઈ રહી છે. સાંબરકાંઠામાં દારૂના અડ્ડા હવે નવી વાત રહી નથી લાખોના હપ્તા ચુકવી છાકટા બનેલા બુટલેગરોને ખાખી વર્દીનો ડર રહ્યો નથી. આજે દારૂનો એટલો ધંધો ધમધણી રહ્યો છે એક વખત તુટેલા ચપ્પલ પહેરનારા અને દારૂની ખેપ મારનાર દારૂડીયા આજે લાખો-કરોડોના આસામી બની બેઠા છે. અને આજે એ પરિસ્થિતિ કે આ બુટલેગરો પોલીસને પણ ગાઠતા નથી અને મોબાઈલમાં ઉચ્ચ અધિકારી અને વહીવટદારને સીધા સંપર્કમાં રહી રોફ મારી રહ્યા છે એ નવી ટ્રીક અજમાવી છે. ગરીબ વિવધવાઓ અને ગામડાના બેરોજગારોને મસમોટુ કમિશન ચુકવી તેમને દારૂની હેરાફેરીમાં સક્રિય બનાવી દીધા છે. નાણાં ખાતર વિધવા, બેરોજગાર યુવાનો-બાળકો દારૂની કેરીયરની ભૂમિકા ભજવી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પૈસા માટે ટળવળતા આ ગરીબો આજે ગુનાહિત કામ કરવા મજબુર બન્યા છે મહિલાઓ શાકભાજીના ટોપલામં તો બેરોજગાર યુવાનો સ્કુટર કે મોટર સાઈકલ પર દારૂની બાટલીઓની હોમ ડીલીવરી પહોંચાડે છે.

ઈડર જેવા શહેરમાં ત્રણ રસ્તા પાસે છેડે ચોક દેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે. પોલીસ પાસે માહિતી હોવા છતાં આંખ આડા કાન કરી આ બુટલેગરોને જાણે છુટો દોર આવ્યો હોય તેમ લાગી રહ્યું છે. આવા તો ઘણા દારૂના અડ્ડા ધમધમે છે દારૂના દૂષણથી હજારો પરિવારો આર્થિક રીતે બેહાલ બન્યા છે દેવામાં ડુબ્યા છે. પોલીસ માત્ર રેડના તાયફા કરે છે પણ દારૂના દૂષણને દૂર કરવા કોઈ કાયમી નક્કર પગલાં લેતી નથી. પરિણામે આમ જનતામાં ખાખી વર્દીની છાપ વધુને વધુ ખરડાઈ રહી છે. તો આ અંગે જિલ્લા પોલીસ વડા આ દૂષણને નાથવા કડક પગલાં ભરે તેવી લોક માંગણી છે.

અમદાવાદમાં કમળાના કેસોમાં ચિંતાજનક વધારો નોંધાયો

અમદાવાદ, તા. ૨

અમદાવાદ શહેરમાં હવામાનમાં હવે સ્થિતિ બદલાઈ રહી છે જેના પરિણામ સ્વરુપે રોગચાળાએ પણ સકંજો જમાવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા સાવચેતીના તમામ પગલા લેવાયા હોવા છતાં જુદા જુદા કેસના રોગ વધી રહ્યા છે. માત્ર ઓક્ટોબર મહિનામાં જ કમળાના ૩૬૭ કેસો સપાટી ઉપર આવતા ખળભળાટ મચી ગયો છે. ગયા વર્ષે આજ મહિનામાં કમળાના ૩૪૨ કેસો નોંધાયા હતા. ૨૦૧૩ના જાન્યુઆરી અને ઓક્ટોબરના ગાળા દરમિયાન અન્ય જુદા જુદા રોગના કેસો પણ મોટી સંખ્યામાં નોંધાયા હતા. પ્રદૂષિત પાણી અને બિનઆરોગ્યપ્રદ વસ્તુઓના પરિણામ સ્વરુપે કમળાના કેસોમાં વધારો થયો છે. તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા હાલમાં લેવાઈ રહ્યા છે છતાં કેસો વધ્યા છે.

સચિવાલય અને બોર્ડ-નિગમોમાં એક હજાર તપાસના કેસ પડતર

ગાંધીનગર, તા. ૨

રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં આક્ષેપિત કર્મચારી અધિકારીઓ સામેના અંદાજે એક હજાર જેટલા તકેદારી (ખાતાકીય અને પ્રાથમિક) તપાસના કેસો પડતર છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં વહીવટતંત્રમાં પારદર્શિતા લાવવા અને જીવનના પ્રત્યેક ક્ષેત્રમાંથી ભ્રષ્ટાચારના નિર્મૂલન માટે અવિરતપણે કામ કરવાના શપથ તકેદારી આયુક્તે ઉચ્ચ અધિકારીઓની મળેલી બેઠકમાં લેવડાવ્યા હતા.

આ બેઠકમાં તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારના સંબંધિત વિભાગો ખાતાના વડા બોર્ડ-નિગમ અને રાજ્ય સરકારના જાહેર સાહસોની કચેરીઓને તકેદારી આયોગની કચેરીને જે ફરીયાદો મળે છે તે મોકલી આપવામાં આવે છે.

તકેદારી આયોગની કચેરી દ્વારા વિભાગો પાસે પડતર તકેદારી કેસોનું પૃથ્થકરણ કરતા ૩૦-૯-૨૦૧૪ ની સ્થિતિએ ૬૨૩ જેટલા કેસો વિભાગો પાસે પડતર છે. ૪૧૪ જેટલા કેસો ખાતાના વડા પાસે અને ૬૩ જેટલા કેસો બોર્ડ કોર્પોરેશન પાસે પડતર છે.

આ પડતર કેસો અંગે સત્વરે કાર્યવાહી કરી તકેદારી આયોગની કચેરીને અહેવાલ મોકલી આપવા તમામ વિભાગોના વડાઓને વિનંતી કરવામાં આવી હતી. કેટલાક કેસોમાં અધિકારી-કર્મચારીઓ જે મહિને નિવૃત્ત થતા હોય તે જ મહિને તેઓની સામેના તપાસના પ્રકરણો તકેદારી આયોગની ભલામણ માટે મોકલવામાં આવે છે તેના બદલે આગામી ૧૨ માસમાં નિવૃત્ત થતાં અધિકારી કર્મચારીઓના વિઝીલન્સ કેસોને અગ્રતાના ધોરણે હાથ પર લઈ સત્વરે આવા કેસો તકેદારી આયોગની કચેરીને ભલામણ માટે મોકલી આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે સૂચવવામાં આવ્યું છે.

આ ઉપરાંત રાજ્ય સરકારના વહીવટમાં પારદર્શિતા લાવવાના ભાગરૂપે કામકાજની પદ્ધતિમાં સીસ્ટેમીક ઈમ્પ્રુવમેન્ટની અનિવાર્યતા ઉપર ભાર મુકતા તકેદારી આયુક્તે રાજ્ય સરકારના કેટલાક વિભાગોદ્વારા આ દિશામાં હાથ ધરેલા પ્રયત્નોની પ્રશંસા કરી હતી. આ ઉપરાંત આઉટ સોર્સીંગથી જે સેવાઓ લેવામાં આવે છે તે બાબતે ચોક્કસ નીતિ ઘડતર થકી રાજ્ય સરકારના નાણા વેડફાઈ ન જાય તે દિશામાં પ્રયત્નો કરવા પણ જણાવવામાં આવ્યું છે.

આત્મઘાતી હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. લાહોરના તમામ હોસ્પિટલમાં ઈમરજન્સીની જાહેરાત કરવામાં આવી હતી પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે આ હુમલાને કઠોર શબ્દોમાં વખોડી કાઢીને આની નિંદા કરી છે. વાઘા બોર્ડર પર યોજાનાર ધ્વજવંદન કાર્યક્રમને નિહાળવા માટે સેકડો લોકો પહોંચ્યા હતા. શરૂઆતમાં કહેવામાં આવ્યું હતું કે, સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો છે પરંતુ મોડેથી અધિકારીઓએ આત્મઘાતી હુમલો થયો હોવાની વાતને કબૂલી હતી. પ્રાથમિક રીતે ઘાયલોની સંખ્યા ૮૦થી પણ વધુ જણાવવામાં આવી છે. આ બ્લાસ્ટ થયા બાદ ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. મૃત્યુ પામેલા લોકોની ઓળખ પણ કરવામાં આવી નથી. આ આત્મઘાતી હુમલો કયા સંગઠન તરફથી કરવામાં આવ્યો છે તે અંગે કોઈપણ માહિતી મળી શકી નથી પરંતુ આમા પોલીસે તપાસ હાથ ધરી છે. બ્લાસ્ટ થયા બાદ તરત જ સુરક્ષા જવાનોએ મોરચા સંભાળી લીધા હતા અને ઉંડી તપાસ હાથ ધરી હતી. જો કે, હજુ સુધી કોઈ કડી હાથ લાગી નથી. પાકિસ્તાનમાં આ બ્લાસ્ટ થયા બાદ પાકિસ્તાની સરકાર પણ હચમચી ઉઠી હતી. વડાપ્રધાન નવાઝ શરીફે આની ગંભીર નોંધ લીધી હતી.

સ્વચ્છતા અભિયાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિશે સમજ અપાશે. તેમજ ગામમાંથી ઘનકચરાના નિકાલ માટે સાધન-સહાય જે સરકાર આપવાની છે તેની જાણકારી સાથે લેન્ડફિલ્ડ સાઈટ કેવી રીતે બનાવવી તેમજ અન્ય પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે સ્વચ્છતા મિશનને લઈ ગ્રામ વિકાસ એજન્સી દ્વારા એક વિશેષ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવ્યું છે. સ્વચ્છતા કેવી રીતે જાળવવી, સ્વચ્છતા અભિયાન અને ફંડની જાળવણી અને નિભાવણી કેવી રીતે કરશો તેની પણ સમજ આપવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૬૭ ગામોમાં પાંચ હજારથી વધુ વસ્તી છે. આ ગામોની પસંદગી રાજ્ય સરકાર દ્વારા પ્રથમ તબક્કાના સ્વચ્છતા અભિયાન માટે કરવામાં આવી હોવાનું પંચાયતના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેર બાદ હવે સ્વચ્છતા અભિયાન ગ્રામ્ય વિસ્તારમાં પણ સઘન રીતે હાથ ધરવામાં આવશે. ગ્રામીણ વિસ્તારમાં તબક્કાવાર સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે. ગામને સફાઈ વેરાની વસુલાત સામે પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાની સરકારે યોજના બનાવી છે.

જિલ્લા માટે સ્વચ્છતા નિધિની રચના કરવામાં આવી છે તે પણ ઉલ્લેખનીય છે. જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં પશુપાલનની સાથે સાથે ઉકરડા મેનેજમેન્ટ કેવી રીતે કરવુ તેના પર પણ વિશેષ ભાર આ સંમેલનમાં અપાશે.

પંચાયતના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે હાલ જિલ્લાના ૭ થી વધુ ગામોમાં સ્વચ્છતા અભિયાન ક્ષેત્રે નોંધનીય નહિ પણ રાષ્ટ્રીયસ્તરે સરાહનીય કામગીરી ચાલી રહી છે તે ગામના સરપંચોના પ્રતિભાવ પણ આ સંમેલનમાં વ્યક્ત કરવામાં આવનાર છે.

શબ્દાવલી - ૫૫૪૮



આડી ચાવી

૧. એક પછી એક વારા પ્રમાણે(૫)
૩. એક ક્લિસ્ક પ્રાણી (૨)
૬. પેટ્રોલ-ગેસ અથવા... થી વાહન ચાલે (૩)
૮. મેથીપાક-માર (૪)
૯. મકાઈની ધાણી (૪)
૧૧. મારી નાખવું, ... કાઢી નાખવું (૩)
૧૨. ભ્રમર, ભમરો (૨)
૧૩. ખેતરમાં વાવવાની ક્રિયા થાય તે (૩)
૧૪. પથ્થર (૩)
૧૫. વૃક્ષ, વટવૃક્ષ (૨)
૧૬. ભુલ, કસુર (હિન્દીમાં)(૨)
૧૭. આબુ પર્વત પર આવેલ એક તળાવ (૨)
૧૯. લખવા માટે વપરાતા પત્ર (૩)

ઊભી ચાવી

૧. ખુબ વાતો કર્યા કરે તેવું(૪)
૨. ધૂળના કણો (૨)
૪. ગ્રાહક, ખરીદી કરનાર વ્યક્તિ (૩)
૫. ઇમારત, બંગલો (૩)
૭. લસરપટ્ટી
૮. પાયો, કપડા ધોકાવવા... જોઇએ (૨)
૧૦. ઘડી, પલ (૨)
૧૧. શ્રવણે... માં બેસાડી મા-બાપને યાત્રા કરાવી (૩)
૧૨. નમે નહિ તેવું (૪)
૧૩. સમાચાર, સગડ (૩)
૧૪. પૃથ્વીનું બહું ઊંડું તળ (૩)
૧૬. પક્ષી, પંખી (૨)
૧૮. દિવાલમાં કોઇ વસ્તુ ટીંગાડવા લગાડાતી લોખંડની કીલ (૨)

શબ્દાવલી ૫૫૪૭ના જવાબ

આડી ચાવી :- (૧) ઓજસ (૪) કવિયત્રી (૭) ડરામણું (૮) કાકડી (૯) સંરક્ષણ (૧૦) ખાપણ (૧૧) પાકટ (૧૩) સળ (૧૫) નકટુ (૧૬) અચરજ (૧૭) વેપલો (૧૮) મહાણ (૧૯) રીલ

ઊભી ચાવી :- (૧) ઓડકાર (૨) જરાક (૩) સમડી (૫) વિતરણ (૬) ત્રીકોણ (૯) સંપ (૧૦) ખાટ (૧૧) પાક (૧૨) કટુ વેણ (૧૩) સરકારી (૧૪) ળજ (૧૫) નરમ (૧૬) અલોપ

ટાઈમ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવે વતનમાં જવાના મોકા મળશે ...

ગુજરાત સરકારે છેલ્લા બાર વર્ષમાં જાહેર કરેલા વિકાસ કામોની પ્રસિદ્ધિ માત્ર દિલ્હીમાં નહી, દેશના અન્ય રાજયોમાં થઈ શકે અને તે રાજયમાં તેનો અમલ શરૂ કરી શકાય તે હેતુથી રાજયના આઈએએસ ઓફિસરોને તેમના વતનના રાજયમાં મોકલવામાં આવે તો નવાઈ પામવા જેવું નથી. મોદી જયારે ગુજરાતમાં ચીફ મિનિસ્ટર હતા ત્યારે મહાત્મા મંદિરના પાયાની મિટ્ટી માટે તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ માટે લોખંડ લાવવાની જવાબદારી આઈએએસ અને આઈપીએસ ઓફિસરોને સોંપી હતી. આ બે પ્રસંગો એવા હતા કે ગુજરાતમાં ફરજ બજાવતા ઓફિસરોને તેમના વતનમાં જવું પડ્યું હતું. હવે ઘણાં -સંગો આવી શકે છે...

કચ્છ રણોત્સવ-મોકો લેવા જેવો ખરો ...

ભારત અને પાકિસ્તાનની બોર્ડરને અડીને આવેલા કચ્છના રણમાં ગુજરાત સરકાર પ્રતિવર્ષ રણોત્સવનું આયોજન કરે છે. શિયાળાની મોસમમાં આ જગ્યાએ ખુશનુમા વાતાવરણ હોય છે. આ રણ મહોત્સવ હવે ગુજરાત ટુરિઝમનો એક મહત્વનો હિસ્સો બન્યું છે. ગયા વર્ષે ૧૭ ડિસેમ્બર-૨૦૧૩ થી ૧૫ ફેબ્રુઆરી-૨૦૧૪ સુધી રણોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. એટલે કે પૂરા બે મહિના કચ્છના રેગીસ્તાનમાં સફેદ રણની ચાંદની રાતનું સૌંદર્ય માણવા પર્યટકોના ધાડા ઉતરી આવ્યા હતા. યાદ રહે કે સરકાર ૨૦૦૫થી વર્ષથી કચ્છમાં રણોત્સવનું આયોજન કરે છે. ૨૦૧૦માં તો ટુરિઝમ કોર્પોરેશને આ મહોત્સવ થકી ૧૦ કરોડની કમાણી કરી હતી. આ વખતે ૧લી ડિસેમ્બર થી પાંચમી માર્ચ સુધી રણોત્સવ યોજવામાં આવી રહ્યો છે...

ભય ઉભો થતાં પ્રિત કરી બેઠાં છે ...

ભારતમાં કોંગ્રેસ સહિતની નેશનલ પાર્ટીના નેતાઓ કે જેઓ ભૂતકાળમાં કોઈને કોઈ કૌભાંડમાં સંડોવાયેલા છે તેમને ભાજપનો, ખાસ કરીને મોદીનો ભય પેદા થયો છે તેથી તેઓ મોદીના પગલાંને વખાણી રહ્યાં છે. કોંગ્રેસના શશી થરૂર હોય કે શિલા દિક્ષીત, જેડીયુના નેતાઓ હોય કે ટીએમસીના એમપી-એમએલએ એ બધાં નેતાઓ મોદીને વહાલા થવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. યુપીએ-૨ માં સર્જાયેલા કૌભાંડોના વ્હાઈટ કોલર સૂત્રધારો સામે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન-સીબીઆઈ તપાસ કરે છે અથવા તો કરવાની છે ત્યારે સરકાર સાથે પ્રિત કરવાની હોડ લાગી છે. પહેલા જે ગુજરાતમાં થયું તે હવે પૂરા દેશમાં થાય છે. માત્ર નેતાઓનું નહી, ઉચ્ચ અધિકારીઓનું પણ એવું જ છે. કહેવત છે કે ભય બિના પ્રિત હોતી નહી...

વહીવટી તંત્રની ધરી બદલાઇ છે ...

ગુજરાત સરકારના વહીવટી તંત્રની ધરી બદલાઈ ચૂકી છે. નવા ચીફ સેક્રેટરી ડી. જે. પાંડિયન કે જેમણે માર્કેટ રિસર્ચમાં એમબીએ અને ફાયનાન્સિલ મેનેજમેન્ટમાં એમએ કર્યું છે. તેમણે સુપ્રિમ ચાર્જ સંભાળી લીધો છે. વાયબ્રન્ટ ગુજરાત અને પ્રવાસી ભારતીય દિવસની સૌથી મોટી જિમ્મેદારી તેમના માથે છે. તેઓ ઉદ્યોગ વિભાગના ચીફ હતા ત્યારે એવું હતું કે બધો ભાર તેમના માથે આવ્યો છે પરંતુ હવે તેમને લિડ કરવાની છે, કામ તો ઓફિસરો પાસે લેવાનું છે. ગુજરાત સરકારમાં મોદીના પ્રિતિપાત્ર પાંડિયને એનર્જીમાં કરેલા સુધારાનો આ બદલો છે. બિઝનેસ ફ્રેન્ડલીની છાપ ધરાવતા આ ઓફિસરનો કાર્યકાળ માત્ર સાત મહિનાનો છે ત્યારે તેઓ કેવી કમાલ કરે છે તે ગુજરાત જોશે. ધરી બદલાઈ છે, સર્કલ પણ બદલાશે...

પાર્ટી જો મા સમાન હોય તો આવું કેમ ...

જેમની પાસે સત્તા છે તેમની પાસે બધું જ છે. જેમની પાસે ખુરશી નથી તેમને પદ જોઈએ છે. પદ મેળવવા માટે નેતાઓ પાર્ટી બદલતાં પણ અચકાતા નથી. ગુજરાતમાં કોંગ્રેસનો દાખલો નમૂનારૂપ છે. સિનિયર નેતા નરહરિ અમીન હોય કે ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા- ખરા સમયે વર્ષોજૂની પાર્ટીને તિલાંજલિ આપીને ભાજપમાં જોડાઈ ગયા. જેની સામે નરેન્દ્ર મોદી છે જે પાર્ટીને માતાનું બિરૂદ આપે છે. તેઓ કહે છે કે પાર્ટી એ માતા સમાન છે. કોઈ ભલા પોતાની માતાને છોડીને જઈ શકે?..એનો મતલબ સાફ છે. પાર્ટી બદલતા નેતાઓ કોંગ્રેસમાં જોયા છે, ભાજપમાં ખૂબ ઓછા છે અને જેમણે પાર્ટી છોડી છે તેઓ સમય આવ્યે માતૃસંસ્થામાં પરત પણ ફર્યા છે...

મોદી રાજયોમાં મહેનત કેમ કરે છે ...

એક સમય હતો કે નરેન્દ્ર મોદીનો દબદબો ગુજરાત પૂરતો સિમિત હતો. પાર્ટીએ તેમને અન્ય રાજયોની જવાબદારી સોંપતા તેઓનું કદ વિસ્તર્યું અને ૨૦૦૧ માં તેમનો સિતારો ખિલી ઉઠ્યો. આજે આ સિતારો ભારતમાં સત્તાસ્થાને છે. મોદીનો ગોલ છે કે લોકસભામાં ભાજપની બહુમતિ છે તેવી બહુમતિ રાજયસભામાં હોય, કે જેથી વિના વિરોધે નિર્ણયો ફટાફટ લઈ શકાય. વિવિધ રાજયોની ચૂંટણીમાં મોદી સ્ટાર પ્રચારક બનીને ઉભરે છે તેનું મુખ્ય કારણ આ જ છે. હરિયાણા અને મહારાષ્ટ્રને કબજે કરીને મોદીએ રાજયસભાની બેઠકોમાં વધારો જરૂર કર્યો છે પરંતુ હાલ સાત રાજયોમાં બીજેપીની સરકાર છે અને ચાર રાજયોમાં ભાગીદાર છે તેમ છતાં ભારત ભરના ૨૯ રાજયોમાંથી ૧૧ નો આંકડો એ હજી કંઈ નથી...

રાજયસભામાં એનડીએ હજી દૂર છે ...

રાજયસભાની ૨૪૫ બેઠકો પૈકી ભાજપ પાસે માત્ર ૪૩ બેઠકો છે, જયારે કોંગ્રેસ પાસે ૬૮ બેઠકો છે. લોકસભામાં ભાજપ ભલે બહુમતમાં હોય, રાજયસભામાં તેનો પનો ટૂંકો પડે છે. ૧૪ બેઠકો સાથે ત્રીજા નંબરે બીએસપી અને ૧૦ બેઠકો સાથે ચોથાક્રમે એસપી મેદાને છે. મમતા બેનરજીની પાર્ટીના ૧૨ અને જેડીયુના ૧૨ સાંસદો રાજયસભામાં છે. એનડીએના સાંસદોની સંખ્યનો સરવાળો હીજ ૬૧ થવા જાય છે. રાજયસભામાં હાલ નવ અપક્ષ સભ્યો છે અને ૧૦ સભ્યો નોમિનેટ થયેલા છે...

ગંદકી ફરી ન થાય તેની ગેરંટી શું છે ...

સ્વચ્છ ભારત નિર્માણમાં બધાં રાજકીય નેતાઓ, બોલીવુડની હસ્તીઓ અને અનેક સેલિબ્રિટીઝ જોડાયા અને ભારતની સડકો તેમજ ખૂણા સાફ કર્યા. આ પ્રયાસ સારો છે પરંતુ આ ગંદકી ફરી ના થાય તેની ગેરંટી શું છે. ભાજપના જ એક પ્રધાન કહે છે કે ભારતમાંથી ગંદકી દૂર કરવી હોય તો એકમાત્ર વિકલ્પ કડક કાયદા અને ભારે દંડ લાગૂ કરવાનો છે. સરકાર એવો દંડ વસૂલ કરે કે લોકો જાહેરમાં ગંદકી કરતાં ડર અનુભવે. આજે આપણા કાયદા એવા જરીપૂરાણા છે કે લોકોને કોઈજાતનો ડર નથી. ૨૦ વર્ષ જૂનું એક લીલુછમ વૃક્ષ કાપી નાંખો તો જંગલ ખાતુ ૪૦ રૂપિયાનો દંડ લઈને આરોપીને છોડી મૂકે છે, જેની સામે આપણે એક વૃક્ષ કાપવાનો દંડ ચાર લાખ કરીએ તો કોઈ માઈનો લાલ નથી કે લીલુછમ વૃક્ષ પોતાના વિકાસ માટે કાપી નાંખે...